RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 258* Date: 15.07.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતમાં કોરોનાના કેસ ૯ લાખને પાર, કોરોના રિકવરી રેટ ૬૩.૦૨% થયો

# દેશમાં કોરોના સંકટ યથાવતઃ ૨૪ કલાકમાં ૨૮,૪૯૮ નવા કેસ

નવી દિલ્હી,તા.૧૪

વૈશ્વિક સ્તર પર કોરોના મહામારીની સ્થિતિ બગડી રહી હોવાના વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણી વચ્ચે સમગ્ર દેશમાં કોરોનાના કેસો વધતાં, વાઈરસના સંક્રમણને રોકવા કેટલાક શહેરોમાં આંશિક લોકડાઉન અમલમાં છે ત્યારે અનલોક-૨ના ૧૩મા દિવસે સોમવારે કોરોનાના કેસો ૨૮ હજારની ઉપર નોંધાયા છે. અને તે સાથે જ કેસોની સંખ્યા ૯ લાખને પાર કરી ગઈ છે. જો આ જ રીતે કેસો વધશે તે આગામી ૩ જ દિવસમાં કેસોની સંખ્યા ૧૦ લાખ સુધી પહોંચી શકે તેમ છે. આજે મંહફવારે સવારે છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે નવા ૨૮,૪૯૮ કેસો સામે આવ્યાં હતા. જો કે તે સોમવાર કરતાં ઓછા છે. પરંતુ કેસો હવે ૨૮ હજારની આસપાસ આવી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. આ જ સમયગાળામાં વધુ ૫૪૦ લોકોના મોત થયા છે. અને વધુ ૧૮ હજાર જેટલા દર્દીઓ સાજા પણ થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો નોંધાયા છે. તો બીજી તરફ ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૦૨ ટકા સુધી પહોંચી ગયો છે. જેને ક સારી બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે. ૨૧ રાજ્યમાં દર્દીઓને સારું થવામાં ગતિ આવી છે અને હવે ૧૦ લાખ વસ્તી પૈકી ૮,૫૫૫ લોકોની તપાસ થાય છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા સોમવારે ૯ લાખને વટાવી ગઈ છે. covid19india.orgના જણાવ્યા મુજબ, દેશમાં અત્યાર સુધીમાં ૯ લાખ ૭ હજાર ૬૪૫ લોકો કોરોના પોઝિટિવ છે. જોકે ૫ લાખ ૭૨ હજાર ૭૫૩ લોકો સાજા પણ થયા છે. જ્યારે ૩ લાખ ૧૦ હજાર ૩૭૭ લોકોની સારવાર ચાલી રહી છે. વધુ ૫૪૦ના મોત સાથે કુલ ૨૩ હજાર ૭૨૭ લોકોએ સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો છે.

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે હવે ભારતમાં પણ કોરોના વાયરસ અવિરત આગફ વધી રહ્યો હોય તેમ કેસો ૨૫ હજાર. ૨૭ હજાર અને હવે ૨૮ હજારની આસપાસ આવી રહ્યાં છે. જેને સત્તાવાફ્રાઓ ચિંતાની નજરે જોઇ રહ્યાં છે. જો કે, તેની સાથે હવે કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા પણ દિવસેને દિવસે વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૦૨ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૯૮૯ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ સાજા થનારાઓનો આંકડો વધીને ૫,૭૧૪૬૦ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના સક્રિય એટલે કે સારવાર હેઠફના કેસ કરતા વધારે



છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગફવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૯૦૬૭૫૨ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૨૮૪૯૮ નવા કેસ નોંધાયા છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨૬૦૯૨૪ કેસ નોંધાયા છે જ્યારે ૧૦૪૮૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૪૨૭૯૮ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૦૩૨ લોકોના મોત થયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૧૩૭૪૦ કેસ નોંધાયા છે જ્યારે ૩૩૭૧ લોકોએ જીવ ગુમાવ્યા છે.

બીજી તરફ મહારાષ્ટ્રની જેમ હવે બિહારમાં કોરોના સંક્રમણનો ગ્રાફ ઝડપથી વધી રહ્યો છે. સોમવારે ૧૧૧૬ નવા સંક્રમિતો મળ્યા છે. રવિવારે બિહારમાં ૧૨૬૬ સંક્રમિત મળ્યા હતા. કોવિડ-૧૯ના સંક્રમણના સતત વધી રહેલા કેસના પગલે રાજ્યમાં ફરી એક વખત લોકડાઉન લગાવવામાં આવી શકે છે. મંગફવારે લોકડાઉનના સંબંધમાં ક્રાઈસિસ મેનેજમેન્ટ ગ્રુપની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં કોઈ નિર્ણય લેવામાં આવે તેમ છે.

મધ્યપ્રદેશમાં ૩૧ જુલાઈ સુધી દર રવિવારે લોકડાઉન કરવાના નિર્ણય પછી હવે સ્થાનિક પ્રશાસન પણ શહેરો અને જિલ્લામાં ફરી લોકડાઉન કરવા તરફ વધી રહ્યું છે. ગ્વાલિયરમાં ક્રાઈસિસ મેનેજમેન્ટની બેઠકમાં તમામ સભ્યોએ શહેરમાં ૭થી ૧૦ દિવસ સુધી ટોટલ લોકડાઉન કરવા પર સહમતિ વ્યક્ત કરી છે શિવપુરી કલેકટરે શહેરને ૧૯ જુલાઈ સુધી લોકડાઉન કરવાનો આદેશ આપ્યો છે.ઉત્તરપ્રદેશ સરકારે રાજ્યમાં કોરોનાની તપાસ ક્ષમતાને વધારીને ૫૦ હજાર કરવા તંત્રને કહ્યું છે. સોમવારે ૩૬ હજાર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમાં કેજીએમયૂમાં ૪૧૬૦, રામ મનોહર લોહિયા ઈન્સ્ટીટયુટમાં ૨૮૦૮, એએમયૂ અલીગઢમાં ૬૨૦, એસજીપીઆઈમાં ૨૪૨૩, આઈએમએસ બીએચયૂમાં ૧૫૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. રાજસ્થાનમાં સોમવારે ૫૪૪ નવા પોઝિટિવ કેસ પ્રકાશમાં આવ્યા છે.. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૦ લાખથી વધુ સેમ્પલની તપાસ કરવામાં આવી છે. તેમાંથી અત્યાર સુધીમાં કુલ ૨૪૯૩૬ પોઝિટિવ મળ્યા છે. જ્યારે ૧૮૬૩૦ લોકો રિકવર થયા છે.

આ શહેરોમાં શરૂ થઇ ગયું ફરીથી લોકડાઉન, સાવધાન,,

દેશમાં કોરોનાના કેસ નવ લાખની ઉપર પહોંચી ચુક્યા છે. દેશના વિવિધ રાજ્યોના ઘણા શહેરોમાં ફરીથી લોકડાઉન લાગુ થયું છે. કોરોનાની ચેઈન તોડવાનો આ એક માત્ર ઉપાય હોવાનું માનવામાં આવી રહ્યું છે.

મહારાષ્ટ્રના પુણે અને પિંપરી-ચિંચવાડમાં રાતથી ૧૦ દિવસનું લોકડાઉન શરૂ થઈ ગયું છે. પુણેમાં ૧૪ જુલાઈથી ૨૩ જુલાઈ સુધી લોકડાઉન લાગુ રહેશે.

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં એક જ દિવસમાં ૧૯૧ કેસ આવતા સાંજે સાત વાગ્યાથી એક સપ્તાહ સુધી સંપૂર્ણ લોકડાઉન લાદવામાં આવશે.

કર્ણાટકના બેંગલુરુ શહેર અને ગ્રામ્ય સહિત દક્ષિણ કર્ણાટકમાં એક સપ્તાહનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન જરૂરી સેવાઓને બાદ કરતાં તમામ વસ્તુઓ બંધ રહેશે. નિયમનો ભંગ કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઉત્તરપ્રદેશમાં દર શનિવાર અને રવિવારે લોકડાઉન લાગુ રહેશે. વારાણસીમાં સોમવારથી શુક્રવાર એમ પાંચ દિવસ સુધી અડધા દિવસનું લોકડાઉન લાગુ કરવામાં આવી રહ્યું છે. સાંજે ચાર વાગ્યાથી લોકડાઉન અમલી બનશે.

દેશના જે પણ શહેરોમાં લોકડાઉન છે ત્યાં હોસ્પિટલ, કરિયાણા, દૂધ, શાકભાજી, દવા જેવી જીવન જરૂરી વસ્તુઓ મફી રહેશે. તે સિવાય કોઈપણ પ્રકારની વસ્તુઓ કે પરિવહનને મંજૂરી નહીં આપવામાં આવે.

### અનેક સરકારો ખોટી દિશામાં જઈ રહી છે

# વિશ્વમાંથી કોરોનાને મ્હાત કરવા સરકારો મહેનત કરતી નથીઃ WHO

જીનીવા,તા.૧૪

કોરોના વાયરસના કેસની સંખ્યા ઘટાડવામાં નિષ્ફફ રહેવાને લઈ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સોમવારે વિશ્વના વિભિન્ન દેશોની સરકારની ટીકા કરી હતી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમ ઘેબ્રિયેસુસે જણાવ્યું કે, સરકારો કોરોના વાયરસ મામલે વિભિન્ન મેસેજ આપી રહી છે અને લોકોનો વિશ્વાસ ગુમાવી રહી છે. કોરોના વાયરસના મોટા કેસને રોકવામાં નિષ્ફફતાનો મતલબ આપણે નજીકના ભવિષ્યમાં સામાન્ય જિંદગીમાં નહીં પરત ફરી શકીએ તેવો થાય છે. જો કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સરકારોની ટીકા દરમિયાન કોઈ ખાસ રાજનેતા કે દેશનું નામ નહોતું લીધું.

ટેડ્રોસે જણાવ્યું કે, કોરોના વાયરસ મહામારીને લઈ અનેક દેશ ખોટી દિશામાં આગફ વધી રહ્યા છે. કેટલાક દેશો સંક્રમણ રોકવા યોગ્ય પગલા નથી ભરી રહ્યા. જો કે સાથે જ સંગઠને સરકારો માટે કોરોના વાયરસ મહામારી રોકવી કેટલી મુશ્કેલ છે તેમ પણ સ્વીકાર્યું હતું. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સ્વીકાર્યું કે, પ્રતિબંધોના કારણે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિણામો ભોગવવા પડે છે. કોરોના વાયરસ જનતાનો દુશ્મન નંબર-૧ બન્યો છે પરંતુ અનેક દેશોની સરકાર અને જનતા આ વાત નથી સમજી રહ્યા. જીનેવા ખાતે પત્રકારોને સંબોધિત કરતી વખતે ટેડ્રોસે જણાવ્યું કે, કોરોના વિરૂદ્ધ કાર્યવાહી માટે જનતાનો ભરોસો હોવો સૌથી જરૂરી વસ્તુ છે પરંતુ નેતાઓ તરફથી અલદ અલગ સંદેશા સામે આવે છે માટે આ વિશ્વાસ ઘટી રહ્યો છે.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મતે વિવિધ સરકારોએ લોકોના સ્વાસ્થ્ય માટે સ્પષ્ટ સંદેશો આપવો જોઈએ અને સામાન્ય લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને હાથ સાફ કરવા ઉપરાંત લક્ષણો દેખાવા પર ઘરમાં રહેવા સમજાવવું જોઈએ. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના આ નિવેદનના એક દિવસ પહેલા વિશ્વમાં ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડ સમાન ૨.૩ લાખ નવા કેસ સામે આવ્યા હતા. તે પૈકીના ૮૦ ટકા કેસ માત્ર ૧૦ દેશોમાંથી જ હતા. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મતે સરકાર અને સામાન્ય લોકોએ સ્થાનિક સ્થિતિ પ્રમાણે નિર્ણયો લેવા જોઈએ અને ધ્યાન રાખવું જોઈએ કે ત્યાં મોટા પ્રમાણમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન થઈ રહ્યું છે કે નહીં.

# રાજસ્થાનઃ ગેહલોત ગેલમાં, પાઈલોટ સહિત બળવાખોરો આઉટ



જયપુર, તા.૧૪

જયપુરઃ કોંગ્રેસ પાર્ટીએ સખત વલણ અપનાવીને આજે સચીન પાઈલટને રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન પદેથી તેમજ રાજયના પાર્ટી પ્રમુખ પદેથી બરતરફ કરી દીધા છે. પાઈલટની સાથે રાજસ્થાનમાં બે અન્ય પ્રધાનને પણ બરતરફ કરવામાં આવ્યા છે. આ બંને પ્રધાન છે – વિશ્વેન્દ્ર સિંહ અને રમેશ મીણા. આ બંને પ્રધાને મુખ્ય પ્રધાન અશોક ગેહલોત સામે બળવો કર્યો હતો અને કેબિનેટમાંથી બરતરફ કરાયેલા પાઈલટને ટેકો આપ્યો હતો.સચિન પાયલટને ડેપ્યુટી સીએમ અને પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ પદેથી હટાવવામાં આવ્યાં છે. જેમની જગ્યાએ ગોવિંદ સિંહ ડોટાસારાને રાજસ્થાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે. આ ઉપરાંત વિશ્વેન્દ્ર સિંહ અને રમેશ મીણાને પણ મંત્રીમંડળથી બરતરફ કરાયા છે. તેઓ પાઈલટ જૂથના છે. કોંગ્રેસના અનેક નેતાઓએ પાયલટને મનાવવાની ખુબ કોશિશ કરી પરંતુ તેઓ ન માન્યાં. આખરે ત્યારબાદ કોંગ્રેસ હાઈ કમાન્ડે નિર્ણય લીધો. સુરજેવાલાએ આ જાહેરાત કરતી વખતે પાયલટ પ્રત્યે ખુબ નારાજગી વ્યક્ત કરી અને જતાવી દીધુ કે પાર્ટીએ પાયલટને મનાવવામાં કોઈ કસર બાકી રાખી નહતી. મીડિયા સામે સૂરજેવાલાએ કહ્યું કે 'સચિન પાયલટ અને કોંગ્રેસના કેટલાક મંત્રી તથા વિધાયક સાથીઓ ભાજપના ષડયંત્રમાં ભેરવાઈને કોંગ્રેસની સરકારને પાડવાની કોશિશમાં સામેલ થયાં.' તેમણે કહ્યું કે 'છેલ્લા ૭૨ કલાકથી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના ટોચના નેતૃત્વએ સચિન પાયલટ, સાથી મંત્રીઓ, વિધાયકો સાથે સંપર્ક કરવાની કોશિશ કરી. કોંગ્રેસ હાઈકમાન્ડે સચિન પાયલટ સાથે પોતે અડધો ડઝન વખત વાત કરી.' તેમણે કહ્યું કે 'કોંગ્રેસ કાર્યસમિતિના વરિષ્ઠ સભ્યોએ અનેકવાર વાત કરી. અમે અપીલ કરી કે પાયલટ અને બાકી ધારાસભ્યો માટે દરવાજા ખુલ્લા છે, પાછા ફરો, મતભેદ દૂર કરીશું.'

કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું કે છેલ્લા ચાર દિવસથી કોંગ્રેસ નેતૃત્વએ ખુલ્લા મનથી કહ્યું કે પરિવારનો કોઈ સભ્ય જો ભટકી જાય, સવારનો ભૂલ્યો સાંજે પાછો ફરે તો તે ભૂલ્યો ન કહેવાય તે પરિવારનો સભ્ય જ છે બધી વાત સાંભળવામાં આવશે. દરેક વાતનો ઉકેલ લાવવામાં આવશે. પણ મને ખેદ છે કે સચિન પાયલટ અને તેમના કેટલાક મંત્રી સાથીઓ ભાજપના ષડયંત્રમાં ભટકીને કોંગ્રેસ પાર્ટીની જનતા દ્વારા ચૂંટાયેલી સરકારને પાડવાની કોશિશ કરી રહ્યાં છે જે સ્વીકાર્ય નથી. આ બાજુ પાયલટને હટાવ્યા બાદ ખબર છે કે મુખ્યમંત્રી અશોક ગેહલોત રાજ્યપાલને મળવા માટે રાજભવન પહોંચ્યા છે. તેઓ રાજ્યપાલને રાજ્યમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમથી અવગત કરાવી શકે છે. એવું પણ કહેવાય છે કે રાજ્યપાલ સામે વિધાયકોની પરેડ પણ કરાવવામાં આવી શકે છે. ભારતીય ટ્રાયબલ પાર્ટી (બીટીપી)ના ધારાસભ્ય રાજકુમાર રાવતનો પણ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તેઓ આરેપ લગાવી રહ્યાં છે કે અમને એક પ્રકારે કેદ કરવામાં આવ્યાં છે. અમારી ચારેબાજુ પોલીસનો પહેરો લગાવવામાં આવ્યો છે. અને અમને નીકળવા દેવામાં આવતા નથી.

### વીઝા પોલિસી પર પ્રતિબંધ લગાવવાની માંગ સાથે

# ગુગલ, ફેસબુક સહિત ૧૦થી વધુ ટેક કંપનીઓ પોલિસીના વિરોધમાં ઉતરી

નવી દિલ્હી,તા.૧૪

અમેરિકામાં ટ્રમ્પ પ્રશાસન દ્વારા ગત અઠવાડિયે જાહેર કરવામા આવેલી નવી વીઝા પોલિસી વિરુદ્ધ ટેક કંપનીઓએ મોરચો ખોલ્યો છે. ગુગલ, ફેસબુક, માઈક્રોસોફ્ટ સહિત ૧૦થી વધુ ટેક કંપનીઓ અને ૧૭ રાજ્યોએ આ વીઝા પોલિસી અંગે ટ્રમ્પ પ્રશાસન વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. ટેક કંપનીઓ અને રાજ્યોએ ડિસ્ટ્રીક્ટ કોર્ટ ઓફ મેસાચુસેટ્સમાં કેસ દાખલ કર્યો છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી અને અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ વિરુદ્ધ કેસ દાખલ કરવામા આવ્યો છે.

કંપનીઓનું કહેવું છે કે આ નવી પોલિસી ક્રૂર, આકસ્મિક અને ગેરકાયદેસર છે. કંપનીઓએ નવી વીઝા પોલિસી પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. નવી વીઝા પોલિસીના વિરોધમાં હાર્વર્ડ યુનિવર્સિટી અને મેસાચુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી સહિત ૬૦થી વધુ વિશ્વવિદ્યાલયોએ પણ કેસ દાખલ કર્યો છે. ૨૦૧૮-૧૯ એકેડમિક યરમાં અમેરિકામાં ૧૦ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ હતા. માત્ર મેસાચુસેટ્સમાં જ ૭૭ હજારથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ છે જેઓ દર વર્ષે અમેરિકાની અર્થવ્યવસ્થામાં ૩.૨ બિલિયન ડોલરનું યોગદાન આપે છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૯૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૩૭૨૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૭૪૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૦૫૫૫**

# ૨૬ વર્ષે સાંસદ, ૩૨માં વર્ષે મંત્રી... સચિન પાયલટને શું નથી આપ્યુઃ કોંગ્રેસ

જયપુર, તા.૧૪

સચિન પાયલટે કોંગ્રેસ સામે બળવો કરવાની કિંમત ચુકાવવી પડી છે. પાયલટને નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ પદ પરથી હટાવી દીધા છે. ધારાસભ્ય દળની બેઠક બાદ કોંગ્રેસના મીડિયા પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલાએ તેની જાહેરાત કરી છે. પાયલટ વિરુદ્ધ ભરવામાં આવેલા પગલાની જાણકારી આપતા સુરજેવાલાએ આક્રમક અંદાજમાં તે પણ યાદ અપાવ્યુ કે, સચિન પાયલટને નાની ઉંમરમાં પાર્ટીએ ઘણું બધુ આપ્યું છે.

જયપુરમાં સીએમ આવાસમાં ધારાસભ્ય દળની બેઠક પૂરી થયા બાદ રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યુ, અમને એક વાતનું દુખ છે કે નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ તથા કેટલાક ધારાસભ્યો અને મંત્રી ભ્રમિત થઈને ભાજપના ષડયંત્રમાં આવીને કોંગ્રેસની સરકાર પાડવામાં સામેલ થઈ ગયા છે. સુરજેવાલાએ કહ્યુ, સોનિયા ગાંધીજીએ રાહુલ ગાંધીના નેતૃત્વમાં સચિન પાયલટ તથા બીજા સાથી મંત્રી, ધારાસભ્યો સાથે સતત સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. કોંગ્રેસ વરિષ્ઠ નેતાઓએ પણ પાલયટ સાથે અડધો ડઝન વાર વાત કરી. કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યોએ પાયલટ સાથે ઘણીવાર ચર્ચા કરી. કેસી વેણુગોપાલે પણ ઘણીવાર વાત કરી હતી. સોનિયા જી અને રાહુલ જી તરફથી અમે પણ અપીલ કરીકે બધા દરવાજા ખુલ્લા છે. જો તમારે મતભેદ હોય તો કોંગ્રેસ નેતૃત્વને જણાવો, આપણે બેસીને ઉકેલ લાવીશું. રણદીપ સિંહ સુરજેવાલાએ સચિન પાયલટને કોંગ્રેસમાં આપવામાં આવેલી જવાબદારીઓનો પણ હવાલો આપ્યો હતો. તેમણે કહ્યુ, પાયલટને નાની ઉંમરમાં રાજકીય તાકાત આપવામાં આવી, જે અન્ય કોઈને આપવામાં આવી નથી.

## તંત્રી સ્થાનેથી...

# દેશની નાણાભીડ દૂર કરવા નેતાઓ કોમનમેન જેટલો પગાર લેવા તૈયાર થશે કે કેમ.......?

દગાખોર ચીને મિત્રતાનો દેખાડો કરી ભારતને ચારેય તરફથી ઘેરવાના પ્રયાસો કરવાનું, સરહદેથી લશ્કર પરત ખેંચવાનો ખેલ કરીને દગાખોરી ચાલુ રાખી છે.....! જેમાં નેપાળના પીએમ ઓલીએ ભારતની તમામ ટીવી ચેનલો પર પાબંદી મૂકી દીધી છે.તો મૂળ અયોધ્યા નેપાળમાં હોવાનું કહીને ઉબાડીયા ચાલુ રાખ્યા છે. વડાપ્રધાન મોદીજીએ ચીનના લશ્કરી જમાડવા બાબતે જે કાઈ નિવેદન કર્યુ તેના કારણે વિશ્વમાં તેમની આભાને મોટો ડાઘ લાગી ગયો છે.....! અને આ નિવેદન તેમને જનરલ રાવત અને લેફટનન્ટ જનરલ હરિન્દરસિંહના રિપોર્ટના આધારે કરેલ જેના કારણે મોદીજીની લોકપ્રિયતા તળીયે ઉતરવા તરફ ગઈ છે.... જેથી મોદીજી આવા લોકોથી નારાજ થઈ ગયા છે. તો તેમની ફરતે વિંટળાએલાઓએ એસી ચેમ્બરમા બેસીને મોદીજીને જે પણ અહેવાલો આપ્યા અને કેન્દ્ર સરકારે નિર્ણય કર્યા છે તેના કારણે દેશભરના લોકો પણ હવે ભાજપા- મોદીજીથી દૂર થવા લાગ્યા છે.....! તો દેશમાં કોરોના મહામારીને કારણે દેશના અર્થતંત્રને ભારે મોટી અસર થઈ છે. ચીને કરેલા સરહદી ઉબાડીયા પછી લશ્કરને જોઈતો જરૂરી શસ્ત્ર-સરંજામ તાકીદે ખરીદવા પાછળ ભારે ખર્ચ કરવો પડ્યો છે. ત્યારે સરકાર નાણાં ભીડમાં આવી જતા વિવિધ કરબોજ આમ પ્રજાથી મેળવવા એક્શન લેવા પડ્યા છે. પરિણામે દેશમાં મંદીની સ્થિતિ વચ્ચે મોંઘવારીએ ઝડબુમ ફાડી લીધું છે... ત્યારે કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓના પગાર વધારા પર પાબંદી ફરમાવી દીધી છે અને આઠમું પગાર પંચ નિયુક્ત કરવાનું માંડી વાળ્યું છે. પરંતુ દેશભરમાં પંચાયતથી લઈને લોકસભા રાજ્યસભામાં સેવા કરવા માટે ચૂંટાયેલા તમામ સભ્યોના પગાર વધારા સહિતના સરકારી લાભોમાં કાપ મૂક્યો નથી. ખરેખર તો લોકોની સેવા માટે લોકોએ ચૂટેલા પ્રતિનિધિઓએ પ્રજાની મુશ્કેલીના સમયે પ્રજાજનોની વચ્ચે જવું જોઈએ, પ્રજાને હિંમત આપવી જોઈએ, તેમના પ્રશ્નો સાંભળવા જોઈએ પરંતુ મોટાભાગના પ્રતિનિધિઓ ચૂંટાઈ ગયા બાદ પ્રજાજનોને આવનારી ચૂંટણી સુધી ડિસ્ટન્સ જાળવે છે જે કારણે દેશના તમામ રાજકીય પક્ષોએ હવે જાગૃત થવાની જરૂર છે... કારણકે લોકસેવા માટે ચૂંટાયેલા આપણા નેતાઓ પાછળ જ અંદાજે બે હજાર કરોડ જેવો ખર્ચો થાય છે જેનો ભાર આમ પ્રજા પર જ પડે છે...પરિણામે મોંઘવારી વધતી જ જાય છે... ત્યારે લોકોએ પણ પોતાના પ્રતિનિધિ ચૂટવા તરફ જાગૃત થઈને મત આપવો જરૂરી છે......!

દેશભરમાં મહામારી વચ્ચે મંદી અને મોંઘવારીનો માર આમ પ્રજા સહન કરી રહી છે. ત્યારે હવે તમામ રાજકીય પક્ષોએ એકજૂટ થઈ કોમન મેન ના પગાર જેટલો જ પગાર લેવાય તે પ્રમાણે આયોજન કરવું જોઈએ. ધારાસભ્યો- સાંસદોને પગાર ભથ્થા ન લે તો તેમને આંચ આવે તેમ નથી... કારણ લગભગ લાખોપતિ કે કરોડપતિઓ છે.....! કોઈ અપવાદ રુપ પણ હોઈ શકે... પરંતુ લોકસેવાના નામે ચૂંટાયેલા પગાર-ભથ્થા કે સરકારી લાભો નહીં લે તો દેશના લોકો પરથી દરરોજનો લગભગ બે હજાર કરોડનો બોજ ઘટી જશે... તો ૩૬૫ દિવસનો ખર્ચ ગણીએ તો......!! અધધ થતો ખર્ચ સરકારી તિજોરીમાં બચી જશે અને સરકારની નાણાં ભીડ પણ દૂર થશે કે હળવી થઈ જશે...ફીલીપીન્સના રાષ્ટ્રપતિનુ ઉદાહરણ ભારત માટે પૂરતું છે. ત્યાંના રાષ્ટ્રપતિ ખુદ પોતાના ખેતરમાંનુ કાર્ય વહેલી સવારથી કરે છે અને દશ વાગતા પોતાની ઓફિસમાં પહોંચી જઈને રાષ્ટ્રપતિ તરીકે સાજના પાંચ વાગ્યા સુધી કાર્ય કરે છે. અને પૂનઃ ખેતરે પહોંચી જઈને કાર્ય કરે છે જેની આવકથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ભારતમાં તકલીફ એ છે કે લોકો ચીજવસ્તુઓ ખરીદવામા ક્વોલીટી જુવેછે.... જ્યારે પોતાના શેરી,મહોલ્લા,ગામ,રાજ્ય અને દેશના લોકહિતના કામો, પ્રાથમિક સુવિધાના કામો, વિકાસ કામો માટે મતદાન કરે છે તેમાં ક્વોલીટી નથી જોતા....પરિણામે અભણ કે આમ સમજદારો ચૂટાય છે. જેઓ રાજ્યનો, શહેરનો, ગામનો કે ગામડાના ઉધ્ધારની વાતો કરે છે. પરંતુ થાય છે ઉલટું.....છેવાડાના માનવી સુધી સુવિધા કે લાભો પહોંચતા જ નથી.....! ત્યારે રાજકીય પક્ષોએ પણ બિનદાગી, બિન ગુનેગારો, બિનજરૂરી ખર્ચ કરનારા, દેશની સેવાની ભાવના રાખનારા, ગુજરાન થાય તેટલો જ પગાર ભથ્થુ લઈને વિકાસના અને સુવિધાનો કાર્ય કરે અને પ્રજાની વચ્ચે રહે તેવા લોકોનેજ ઉમેદવાર બનાવવા તરફ ધ્યાન આપવું જરૂરી છે. ત્યારે મતદારોએ પણ ક્વોલીટી જોઈને સારા, ઈમાનદાર, ન્યાયી,લોકોનુ સાંભળનારા, પક્ષ પલટો ન કરે અને પ્રજાનો મત જાણીને નિર્ણય કરે તેવા,કાર્યદક્ષ,ઉત્સાહી લોકોને જ કોલર ટ્યુન કેવા કાર્યદક્ષ લોકોને જ પંચાયતથી લઈને લોકસભા સુધીનાને ચૂંટવા જોઈએ તો પરિણામ સારા મળશે. સરકારને નાણાભીડ ઉભી નહી થાય... પ્રજાના ટેક્સના નાણાંનો પણ સારી રીતે ઉપયોગ થશે તે નિશ્ચિત......!! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૫/૦૭/૨૦૨૦, બુધળવાર, અષાઢ વદ-૧૦
સૂર્યોદય-૬-૧૨, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૬-૫૯,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૩૩ થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૩ સુધી, ૧૬-૧૪થી શુભ-૧૭-૫૩ સુધી, ૨૦-૫૩ થી લાભ-૨૨-૧૪ સુધી, ૨૩-૩૩ થી શુભ-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**

૮-૨૬થી ૧૧-૪૬ સુધી, ૧૨-૫૩ થી ૧૪-૫૯ સુધી, ૧૬-૧૪ થી ૧૯-૩૩ સુધી, ૨૦-૨૬થી ૨૧-૨૦ સુધી

# સુરતમાં કોરોના બેકાબુ બનતા પંકજ કુમારને સોંપાઈ વિશેષ જવાબદારી

સુરત,તા.૧૪

શહેરમાં કોરોનાના કેસમાં દિવસેને દિવસે ધરખમ વધારો થઈ રહ્યો છે. ત્યારે શહેરની પરિસ્થિતિ કાબૂ બહાર જતાં ગુજરાત સરકારે મહેસુલ વિભાગના અગ્ર સચિવ પંકજકુમારને ખાસ જવાબદારી સોંપી છે. સુરતમાં હાલ ૮૬૦૦થી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે મૃત્યુઆંક ૩૫૫ થઈ ગયો છે. મહાનગર પાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૮૬૫૯ પર પહોંચી ગયો છે. આ સાથે શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૩૫૫ પર પહોંચી ગયો છે. ગત રોજ શહેરમાં ૧૫૯ અને જિલ્લામાં ૪૪ લોકોએ કોરોનાને માત આપી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા હતા. જેને પગલે ડિસ્ચાર્જ થનારાની કુલ સંખ્યા ૫૨૨૧ પર પહોંચી ગઈ છે.દરમિયાન કોરોનાની પરિસ્થિતિ કાબૂ બહાર જતાં ગુજરાત સરકારે મહેસુલ વિભાગના અગ્ર સચિવ પંકજકુમારને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. છેલ્લા ૧૦થી વધુ દિવસોથી આરોગ્ય અગ્ર સચિવ જયંતી રવિ સુરતમાં હતા. ત્યારબાદ હવે પંકજકુમાર સુરત શહેરની જવાબદારી સોંપવામાં આવી છે. વલસાડ જિલ્લામાં વધી રહેલા કોરોના સંક્રમણને લક્ષમાં લઈને રાજ્યના મહેસુલ વિભાગના અધિક મુખ્યથ સચિવ પંકજકુમારે કલેક્ટ્કર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.આ બેઠકમાં અધિક મુખ્ય સચિવ પંકજકુમારે જિલ્લામાં કોરોના અંગેની ઝીણવટભરી માહિતી મેફ્રવી હતી. જિલ્લામાં કોવિદ-૧૯ના બેડની સંખ્યામ ભવિષ્યઠમાં પડનારી જરૂરિયાતને ધ્યાતને રાખીને વ્યંવસ્થાર કરવા, હોસ્પિમટલમાં વેન્ટીનલેટર, આઈસોલેશન બેડ, ઓક્સિમજનની જરૂરિયાત, આઇ.સી.યુ.ની વ્યવસ્થાો અને સવલત, સર્વેલન્સે ટીમની કામગીરી, ડૉક્ટઈર્સની વ્યષવસ્થાજ, કન્ટેયઈનમેન્ટ્, માઈક્રો કન્ટ્ેઈનમેન્ટવ ઝોન, પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

# કેશોદ શહેરમાં કોરાના મહામારીમાં ઉમદા ઉદાહરણ પૂરું પાડતા શિક્ષક



કેશોદઃ(રાજુભાઈ પંડ્યા) ગાંધીનગર ઈસ્માઈલી સમાજમાં રેહતા સુતાર સિરજભાઈ કાનજીભાઈ પોતે અખોદર મુકામે શિક્ષક છે અને માતા ગુલશનબેન સિરાજ સુતાર, તેમનો પુત્ર સુતાર સરફરાઝ સિરજભાઈએ એન્જિનિયરિંગ(EC) મા ડીગ્રી પુર્ણ કરી GSECL, Junior Engineer(EC) ની પરિક્ષા આપેલ તેમાં પેહલા નંબરે ઉતીર્ણ થઈ, તેમને પાનધ્રો, કચ્છ ભુજમાં નોકરી માટે નિયુક્ત થયેલ હોય આ ખુશીના અવસરે સીરાજભાઈ દ્વારા કોઈ ખોટા ખર્ચ ન કરી અને તેની આજુ બાજુમાં રહેતા પચ્ચીસ જરૂયાતમંદ પરિવારોને રાશન કીટ વીતરણ કરીને એક ઉત્તમ ઉદાહરણ સાથે કેશોદ ઈસ્માઈલી સમાજનું તથા સુતાર પરિવારનું ગૌરવ વધારેલ છે

**વાંકી ડગર, રસ્તા કઠણ, પાછા વળ્યા.**
**મંજિલ તરફ પહોંચીને પણ પાછા વળ્યા.**
**એ ના મળ્યા, તો શું કરું ત્યાં એકલો !**
**વાળ્યા કદમ ને એજ ક્ષણ પાછા વળ્યા.**
**મંજિલ તરફ જ્યાં બે જ ડગ ચાલ્યા હતા,**
**ખૂંપ્યા કદમ જોઈને રણ પાછા વળ્યા.**
**મૃગજળ બની છળતા રહ્યા ખુદને અમે,**
**ચાલ્યા ઘણું, થાક્યા ચરણ પાછા વળ્યા.**
**તરસ્યા નયન, ભીની ડગર શોધી રહ્યા,**
**તરસ્યા છતાં જોઈ ઝરણ પાછા વળ્યા.**
**ચિરાગ પાધ્યા, ભદ્રા, સિદ્ધપુર.**

## ગુજરાતની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન

# રાજ્યના ૯૧ તાલુકામાં બારે મેઘ ખાંગા, વંથલી અને ગીર ગઢડામાં ૪-૪ ઈંચ વરસાદ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં ચોમાસાએ ફુલજમાવટ કરી છે. ત્યારે ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકના વરસાદના આંકડા પર એક નજર કરી લઈએ. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ જુનાગઢના વંથલીમાં અને ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં સવા ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વલસાડ, જુનાગઢ અને જુનાગઢ શહેરમાં તેમજ સુરતના કામરેજમાં ૨ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. મોરબીના વાંકાનેરમાં પણ ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આમ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના આઠ તાલુકામાં ૨ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. તો રાજ્યના ૨૬ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. રાજ્યમાં સવારે ૮ વાગ્યા સુધીમાં ૯ તાલુકામાં મેંઘમહેર થઈ છે. રાજ્યના દક્ષિણ ગુજરાતમાં તાલુકામાં સવારથી વરસાદ પડી રહ્યો છે. સુરતના



ચોર્યાસીમાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. તો નવસારીના જલાલપુર અને ડાંગના આહવામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમા વરસાદ તૂટી પડ્યો હતો. આઠ તાલુકા પૈકી ૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ઇડરમાં ૧૫ મીમી, પોશીનામાં ૦૭ મીમી અને વડાલીમાં ૦૨ મીમી વરસાદ પડ્યો છે. અમરેલીમાં રાજુલા સાવરકુંડલા સ્ટેટ હાઈવે બંધ કરાયો છે. જુની માંડરડી ગામ પાસે આવેલ પુલ બેસી જતા રીપેરીંગ કામ શરૂ કરાયું છે, જેથી પુલ પર વાહન વ્યહાર બંધ કરાયો છે. તંત્ર દ્વારા ઘાતરવડી નદીમાથી પાઈપ લાઇન મૂકી ડ્રાઈવર્ઝન કઢાયું હતું. ઉપરવાસમા પડેલ વરસાદના કારણે પાઈપો તણાય ગઈ હતી, જેથી ડાયવર્ઝન પણ બંધ થયું હતું. રાજુલા - સાવરકુંડલા સ્ટેટ હાઈવે બંધ થતા હવે ૨૫ કીમી દૂર ફરીને વાહન ચાલકોને જવુ પડશે.

આગાહી વચ્ચે સવારથી છ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી નવસારીના જલાલપોરમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો છે. નવસારી શહેરમાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. સુરતના ચૌર્યાસીમાં બે ઈંચ અને વલસાડ શહેરમાં પણ બે ઈંચ વરસાદ પડ્યો છે. સુરત શહેરમાં પણ સવારથી બપોર સુધી એક ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. મંગફ્રવારે સવારે છ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી રાજ્યના નવા શહેર કે તાલુકામાં એક ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. બપોરના ૧૨ વાગ્યા સુધી રાજ્યના ૨૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાતમાં આગાહીના પગલે હફ્રવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં ૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરત સિટીમાં ૩ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જયારે અન્ય તાલુકાઓમાં હફ્રવો વરસાદ પડ્યો છે. ૧૪ જુલાઇ અને ૧૫ જુલાઈના રોજ સૌરાષ્ટ્ર, કચ્છ, દીવ-દમણમાં ૪૦ કિ.મી.ની ઝડપ પવન સાથે વરસાદ પડશે, જયારે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. ૧૬થી ૧૮ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરત, ડાંગ સહિતના વિસ્તારમાં અને સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અને જૂનાગઢ સહિતના વિસ્તારમાં થતા વડોદરા અને ભરૂચમાં અતિભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળનો છબરડો....!

▶ આંતરરાષ્ટ્રીય દોડવીર સરિતા ગાયકવાડને સ્થાને પાઠ્યપુસ્તકમાં વનીતા ગાયકવાડ નું નામ-તસ્વીર દર્શાવી

## દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવનાર ગોલ્ડન ગર્લ સરિતા સમગ્ર ઘટનાક્રમથી દુઃખી : પ્રશંસકોમાં રોષની લાગણી

**સાપુતારા,**

ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળે સામાજિક વિજ્ઞાન ૨૦૨૦ ની ચોપડીમાં ડાંગ જિલ્લા ના કરાડીઆંબા ગામની ઈન્ટરનેશનલ દોડવીર ખેલાડી સરિતાબેન ગાયકવાડના ખેલ મહાકુંભમાં શરૂ કરેલી સફરને બદલે વનીતાબેન ગાયકવાડે ખેલ ક્ષેત્રે નામ રોશન કર્યુ હોવાનું દર્શાવી કરેલ છબરડાથી દોડવીર સરિતા ગાયકવાડે દુઃખ વ્યક્ત કર્યુ હતું. જ્યારે પ્રશંસકોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. મળતી માહિતી મુજબ રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળે ધોરણ ૭ ની સામાજીક વિજ્ઞાન ૨૦૨૦ની બુકમાં છબરડાં કરતા વિવાદ સર્જાયો છે. આંતરરાષ્ટ્રીય દોડવીર સરિતા ગાયકવાડે ખેલ મહાકુંભમાં સફળતા મેળવી કોમનવેલ્થ ગેમ્સમાં દેશને ગોલ્ડ મેડલ અપાવી ગૌરવ વધાર્યુ હતું.જેને પાઠ્ય પુસ્તક મંડળે વનિતા ગાયકવાડની તસ્વીર છપાવી સરિતા ગાયકવાડે મેળવેલી સિદ્ધિ અન્યના નામે છપાવી બાળકોના અભ્યાસમાં ખોટી સંદેશો મૂકી છબરડો કર્યો છે. જેના પગલે આંતરરાષ્ટ્રીય દોડવીર સરિતા ગાયકવાડે દુઃખ વ્યક્ત કર્યુ હતું. જ્યારે પ્રશંસકો માં રોષ ફેલાઈ જવા પામ્યો હતો. જોકે આ સંદર્ભે ડાંગ જિલ્લાના ડાયેટ પ્રિન્સિપાલ બી એમ.રાઉત ને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે રાજ્ય પાઠ્યપુસ્તક મંડળની સામાજીક વિજ્ઞાન બુકમાંદોડવીર સરિતા ગાયકવાડની સિદ્ધિ ઓ બીજા ના નામે છપાઇ હોવાનું સોસીયલ મીડિયા દ્વારા જાણવા મળ્યું છે, અસલમાં વનિતા ગાયકવાડ પણ રેસલર ના ખેલાડી છે.જેથી દેશની મહિલાઓના સિદ્ધિઓ દ્વારા સંદેશો પહોંચાડવાનો પાઠ્ય પુસ્તક મંડળ નો હેતુ છે.જે પ્રિન્ટ મિસ્ટેક થઇ હશે. આ સંદર્ભે ભાજપ અગ્રણી અશોકભાઇ ધોરજીયાને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળે ભૂલથી સરિતા ગાયકવાડે આંતર રાષ્ટ્રીય કક્ષા એ મેળવેલી સિદ્ધિઓ અન્યના નામે પ્રસિદ્ધ થઇ છે, જેને શિક્ષણ મંત્રીને રજૂઆત કરી ભૂલ સુધારવા અનુરોધ કરાશે.

# કીમતી અને બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડોઃ ક્રૂડ તેલમાં નરમાઈની આગેકૂચ

મુંબઈઃ વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૦૨૦૯ સોદામાં રૂ. ૧૪૭૪૭.૧૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો હતો. બિનલોહ ધાતુઓ પણ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ નરમ હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચી, કોટન અને સીપીઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારા સામે મેન્થા તેલમાં ઘટાડો થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૩૬૫૮૬ સોદાઓમાં રૂ. ૮૫૪૨.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૦૮૪ અને નીચામાં રૂ. ૪૮૭૭૦ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮૧ ઘટીને રૂ. ૪૮૮૬૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૮ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૪૭૩ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૯૫ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦ ઘટીને બંધમાં રૂ. ૪૮૯૦૦ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૨૪૮૭ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૫૬૦ અને નીચામાં રૂ. ૫૧૯૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૫૬ ઘટીને રૂ. ૫૨૦૯૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૮૭૭ ઘટીને રૂ. ૫૨૨૦૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૮૯૨ ઘટીને રૂ. ૫૨૧૯૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૩૧૩૯ સોદાઓમાં રૂ. ૨૩૮૩.૬૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૪૯ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૦૯ અને નીચામાં રૂ. ૨૯૪૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૨ ઘટીને રૂ. ૨૯૯૩ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૨૬૭ સોદાઓમાં કુલ રૂ. ૨૦૩.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૮૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૩૦ અને નીચામાં રૂ. ૧૫૮૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ વધીને રૂ. ૧૬૦૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૮૦.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮ વધીને બંધમાં રૂ. ૬૮૯.૪ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૪૧૬.૩ ખૂલી, અંતે રૂ. ૪૧.૨ વધીને રૂ. ૧૪૧૬.૩ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૮૩.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૮.૯ અને નીચામાં રૂ. ૯૭૬.૨ રહી, અંતે રૂ. ૯૮૦ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૬૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૨ અને નીચામાં રૂ. ૯૬૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ. ૯૭૦ના જ સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૧૦૮ સોદાઓમાં કુલ રૂ. ૪૧૬૬.૭૫ કરોડ ની કીમતનાં ૮૫૧૧.૦૭૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૨૪૭૮ સોદાઓમાં કુલ રૂ. ૪૩૭૫.૯૭ કરોડ ની કીમતનાં ૮૩૬.૨૪૫ ટન, ક્રૂડ તેલમાં ૩૫૨૫૭ સોદાઓમાં રૂ. ૧૬૦૯.૩૫ કરોડનાં ૫૪૦૨૨૦૦ બેરલ્સ, કોટનમાં ૩૬૬ સોદાઓમાં રૂ. ૨૧.૭૬ કરોડનાં ૧૩૬૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૭૯૭ સોદાઓમાં રૂ. ૧૭૪.૮૧ કરોડનાં ૨૫૬૫૦ ટન, એલચીમાં ૩ સોદાઓમાં રૂ. ૪.૧૪ લાખનાં ૦.૩ ટન, મેન્થા તેલમાં ૪૭ સોદાઓમાં રૂ. ૫.૪૧ કરોડનાં ૫૫.૦૮ ટન, કપાસમાં ૫૪ સોદાઓમાં રૂ. ૧.૨૬ કરોડનાં ૨૬૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૪૪૪.૭૪૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૭૫.૯૫૧ ટન, ક્રૂડ તેલમાં ૫૯૫૮ બેરલ્સ, કોટનમાં ૧૧૮૫૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૨૭૩૦ ટન, એલચીમાં ૧ ટન, મેન્થા તેલમાં ૧૩૭.૧૬ ટન અને કપાસમાં ૬૦૪ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૨૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૧ ખૂલી, ઊપરમાં રૂ. ૫૮૦ અને નીચામાં રૂ. ૪૬૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૮૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૧.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૬૫ અને નીચામાં રૂ. ૧૮૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૪૭ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૭૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૪૮૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૮૯ અને નીચામાં રૂ. ૧૨૪૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૦૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૩૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮૭૧.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૦.૫ અને નીચામાં રૂ. ૮૬૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૪૪ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૯૫૨૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૧ ખૂલી, ઊપરમાં રૂ. ૬૫ અને નીચામાં રૂ. ૨૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૮.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૯૫૨૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૮૭.૭ અને નીચામાં રૂ. ૫૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૮.૫ બંધ રહ્યો હતો.

## કોરોનાથી બચવા સાવચેતી એ જ સલામત

# લોકોની સ્વેચ્છાએ લોક ડાઈનની માંગણીની ઈચ્છા? લોકો જાગૃતછે પણ જાગૃતતા નથી?

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કોરોનાની શરૂઆત થઈ છે ત્યારથી લોકોનો એક પણ દિવસ એવો નહી ગયો હોય કે કોરોના શબ્દ ના સાંભળયો હોય એક દિવસીય જનતા કર્ફ્યુની શરૂઆત બાદ એક પછી એક લોક ડાઈનના દિવસો વધતા ગયા દિવસોમાંથી મહીનાઓ થવા લાગ્યાં શરૂઆતમાં કોઈ જીલ્લામાં એક કોરોના પોઝિટિવ નોંધાતા જીલ્લા ભરમાં ચર્ચા થવા લાગતી લોકોમાં કોરોનાનો એક ભય હતો એ જ ભય ધીરે ધીરે ઘટવા લાગયોછે અને કોરોના પોઝીટીવ કેસ વધવા લાગ્યાંછે શરૂઆતમાં જે ભય હતો લોકો એટલી કાળજી રાખતાં અને કોરોનાના સંક્રમણથી બચવા લોકો જાગૃત થયા હતા એ જાગૃતતા ધીમે ધીમે ઘટતી જોવા મળી હતી અને કોરોનાનું સંક્રમણ વધતુ જાયછે હાલમાં જીલ્લામાં તાલુકાઓમાં ગામડાઓમાં પણ કોરોના સંક્રમણ વધી રહ્યુંછે ત્યારે વેપારીઓ પણ સ્વેચ્છાએ પોતાના વેપાર ધંધાનો સમય ઘટાડી સ્વેચ્છીક લોક ડાઉન અપનાવી રહયાછે અને લોકો પણ મનોમન લોક ડાઉન ઈચ્છી રહયાછે

સરકારના આદેશથી પોલીસ તંત્ર દ્વારા માસ્ક વગર બહાર નીકળતા લોકો પાસેથી બસ્સો રૂપિયા દંડ વસુલવામાં આવી રહ્યોછે અમુક શહેરોમાં એ દંડમાં વધારો કરી પાંચસો રૂપીયા દંડ વસુલવાની ચર્ચા થઈ રહીછે તો કોઈ શહેરોમાં વાહનચાલકોના વાહનો જાહેરનામાં ભંગ બદલ ડીટેઈન કરવામાં આવી રહયાછે તેનાથી શું લોકો ઘર બહાર નીકળવાનું બંધ કરી દેશે? કોરોના સંક્રમણ અટકી જશે? ઉલ્ટાનું ડીટેઈન કરેલાં વાહનો છોડાવવાં માટે અનેક વાહનચાલકો ટેક્સ ભરવા કોઈ વાહનનો

વિમો પુરો થયો હશે તો વીમો ચાલુ કરાવવા કોઈ વાહનનું પાર્સીંગ પુરૂ થયું હશે એ પાર્સીંગ કરાવવા જશે જયાં વધુ લોકો એકત્ર થશે સોશ્યલ ડીસ્ટન્સના અભાવે સંક્રમણ વધવાની શકયતા પણ ઉદભવી શકે એ વાત પણ નકારી શકાય તેમ નથી

શરૂઆતમાં અનેક ટ્રસ્ટ સેવાભાવી સંસ્થાઓ જુદા જુદા સેવાકીય મંડળો દ્વારા વિનામૂલ્યે માસ્કનું વિતરણ કરવામાં આવતું હતું જરૂરીયાતમંદ લોકોને રાશન કીટ ભોજન ઘરે ઘરે પહોંચાડવામાં આવતું હતુ એ થોડા દિવસો બાદ જાણે અદ્રશ્ય થઈ ગયું ત્યારે હાલમાં શું જરૂરીયાતમંદ લોકોની જરૂયાત સંતોષાઈ ગઈછે? હાલમાં કોઈ જરૂરીયાતમંદ લોકો નથી? શું દાતાઓના દાનની સરવાણી સુકાઈ ગઈ છે? ના એવું કાંઈ ના જ હોય તો આયોજનનો અભાવ જરૂર જવાબદાર માની શકાય?

કોરોનાની કુદરતી આફતનો દિવસે દિવસે વધતો આંકડો ચિંતાજનકછે ક્યાં સુધી પહોંચે તે કલ્પના બહારની વાતછે કોરોનાથી હાર માનવી પણ યોગ્ય નથી તેની સામે લડવા લોકો જાગૃતછે પણ જાગૃતતા અપનાવવાની જરૂર છે લોકો સ્વયં માસ્ક પહેરવા સેનેટાઇઝરનો ઉપયોગ સોશ્યલ ડીસ્ટન્સ જાળવવા બિન જરૂરી ઘર બહાર ન નીકળવા સરકારના આદેશોનુ ગંભીરતાપૂર્વક પાલન કરવાની લોકોને જાગૃતતા આવશે તો જ કોરોના સંક્રમણને અટકાવી શકાય અને કોરોનાને જાકારો આપી શકાય તેથી લોકોએ જાગૃતતા અપનાવવી જરૂરી છે

ગુજરાત રાજ્ય અને રાજ્ય બહારથી રેડ ઝોનનાં હોટ સ્પોટ વિસ્તારમાંથી પરત વતનમાં આવતાં વ્યક્તિઓ એ સ્વૈચ્છિક રીતે ચૌદ દિવસ હોમ કવોરન્ટાઈન રહેવું જોઈએ જો એ બેદરકારી દાખવે તો એ માટે શહેર વિસ્તારનાઆજુબાજુના વિસ્તારના રહેવાસીઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનો દ્વારા બહારથી આવેલ વ્યકિતઓ પાસે ફરજીયાત કોરોન્ટાઈન કરાવવામાં આવે અને અન્ય લોકો તેનાથી દુર રહે જેથી સંક્રમણથી કોરોના વાયરસ ફેલાતો અટકી શકે અને સંક્રમણથી ફેલાવાની સાંકળ તુટે જેથી આવનારાં દિવસોમાં કેશોદ શહેર-તાલુકા કોરોના મુક્ત બની જાય. રોગ પ્રતિકારક શક્તિ વધારે હોય ત્યારે આવાં વ્યક્તીઓને થર્મલ સ્કેનીગ કરવામાં આવે તો લક્ષણો જોવા મળતાં નથી પરંતુ અન્ય મોટી ઉંમરના લોકો કે નાનાં બાળકોનાં સંપર્કમાં આવવાથી સંક્રમણ થવાની સંભાવના વધી જાય છે જેથી કોરોનાથી બચવા સાવચેતી એ જ સલામતી.

## રૂ. ૨૬.૧૭ કરોડના ખર્ચ નવનિર્મિત એક જિલ્લા પંચાયત-ત્રણ તાલુકા પંચાયતોના

# ગાંધીનગરથી ઈ-લોકાર્પણ સંપન્ન કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજયના ગ્રામીણ નાગરિકો સહિત સામાન્ય માનવીની આશા અપેક્ષાઓ સંતોષાય અને સરકારનું તંત્ર લોકોની સારી સેવા કરી શકે તેવું વાતાવરણ અદ્યતન સુવિધાસભર ભવનોના નિર્માણથી રાજ્ય સરકારે કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, આવા ભવનો-સેવાસદનોમાં પોતાના કામકાજ માટે આવનારો અરજદાર, રજૂઆત કર્તા વ્યકિત પોતાનું કામ થવાના વિશ્વાસ અને શાતા સાથે પરત જાય તેવી કાર્યસંસ્કૃતિ ગુજરાતમાં વિકસી છે.

મુખ્યમંત્રીશ્રી રાજયના પંચાયત-ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપક્રમે અમરેલી જિલ્લા પંચાયત, ડોલવણ-થરાદ અને ભિલોડા તાલુકા પંચાયતોના કુલ ૨૬ કરોડ ૧૭ લાખના ખર્ચે નિર્માણ પામેલા નવા ભવનોના ગાંધીનગરથી ઈ-લોકાર્પણ અવસરે સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગાંધીજીના ગ્રામ સ્વરાજય અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાના પંચાયતી રાજય વ્યવસ્થાના ખ્યાલને ગુજરાતે ત્રિસ્તરીય પંચાયત વ્યવસ્થાના અસરકારક અમલથી સાકાર કર્યો છે. તેમણે પંચાયતી રાજય વ્યવસ્થાને કારણે જ ગ્રામ પંચાયતોથી માંડીને તાલુકા જિલ્લા પંચાયતોનો સર્વાંગી વિકાસ કરીને ગામડાંઓને પણ પોતીકી સરકારનો અનુભવ થાય તેવી સ્થિતી ઊભી થઇ છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજયના ગામોને આત્મા ગામનો સુવિધા શહેરોની એવી વ્યવસ્થા-સુવિધા આપીને વિકાસ છેવાડાના માનવી સુધી પહોચાડયો છે તેમણે રોડ-રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય જેવી બધી જ પાયારૂપ સુવિધાઓ ગામડાઓને આપીને સર્વાંગી વિકાસની નેમ પાર પડી છે તેમ ઉમેર્યુ હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના પ્રથમ મુખ્યમંત્રીશ્રી સ્વ. ડૉ. જીવરાજ મહેતા અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. અમરસિંહ ચૌધરીના વતન ગામો અમરેલીમાં જિલ્લા પંચાયત અને ડોલવણમાં તાલુકા પંચાયતના નવા ભવનોના લોકાર્પણની મળેલી તકને પોતાના જીવનની ધન્ય ક્ષણો ગણાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોના સંક્રમણના આ કપરાકાળમાં પણ વિકાસ કામો અટકે નહિં અને રોજીંદી પ્રવૃત્તિઓ પણ સાથોસાથ ચાલુ રહે તેવો વ્યૂહ વ્યથા નહિ વ્યવસ્થાના મંત્ર સાથે આપણે અપનાવ્યો છે.

તેમણે કોરોનાના વિશ્વભરમાં અને દેશમાં સંક્રમણની સ્થિતીમાં સમયસરના પગલાં, સઘન આરોગ્ય વ્યવસ્થાઓને કારણે ગુજરાતમાં પોઝિટીવ કેસો પર નિયંત્રણ રાખી શકયા છીયે. મૃત્યદર પણ ઘટી રહ્યો છે તેવો મત વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાનું સંક્રમણ ગ્રામીણ વિસ્તારોમાં વધુ ન પ્રસરે તે માટેની સતર્કતા-તકેદારી રાખવા પણ આ તકે અનુરોધ કર્યો હતો.

તેમણે પંચાયતના આ ભવનો ગરીબ, વંચિત, ખેડૂત, ગ્રામીણ નાગરિકોની અપેક્ષાઓ સંતોષનારા સેવાપ્રવૃત્તિ કેન્દ્ર બની રહેવાના છે તેવો વિશ્વાસ દર્શાવતાં ખેડૂત, ગરીબ, નાના કારીગરો સૌને કોરોના પછીની આર્થિક સ્થિતીમાંથી બેઠા કરવા રૂ. ૧૪ હજાર કરોડનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કર્યુ છે તેમ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગામડાં સમૃદ્ધ તો ખેતી અને ખેડૂત સમૃદ્ધ, ખેડૂત સમૃદ્ધ તો શહેરો સમૃદ્ધ અને શહેરો સમૃદ્ધ તો ગુજરાત રાજય સમૃદ્ધની વિભાવના પણ આપી હતી.

પંચાયત રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે ગુજરાતે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને છેક ગ્રામીણસ્તરે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વિકાસની પૂરી તકો, પૂરતાં નાણાં શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આપ્યા છે તેમ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું.

પંચાયતના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશે આ ઈ-લોકાર્પણ કાર્યક્રમોમાં સૌને આવકારતાં જણાવ્યું કે રાજયમાં ૧૧ જિલ્લા પંચાયતો, ૧૨૮ તાલુકા પંચાયતો અને ૩૧૧૨ ગ્રામ પંચાયતોને નવા ભવનોના નિર્માણ માટે રાજય સરકારે મંજૂરી અને નાણાં ફાળવણી કર્યા છે.

આ ઈ-લોકાર્પણ સમારોહમાં સંસદસભ્યો શ્રી નારાયણભાઈ કાચ્છડીયા, પરબતભાઇ પટેલ, ધારાસભ્યો શ્રી વિરજીભાઇ, પ્રતાપ દૂધાત, પૂર્વ ધારાસભ્ય શ્રી કાકડીયા સહિત સંબંધિત જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખો-પદાધિકારીઓ પણ વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ

૧)NG NO/0012
ડો નિષાદ ઓઝા
અમન"
શીર્ષક -સ્વપ્ન

૨)NG NO/ 0076
પારુલ ઠક્કર
"યાદ"
શીર્ષક -સોણલાં

૩)NG NO/0010
દિપ્તી પટેલ
"શ્રી કૃપા
શીર્ષક -હરિધામ

૪)NG No/0015
મેહુલ ત્રિવેદી
શીર્ષક -સપનું લખતાં બેઠાં?

૫)NG NO/0014
જયેશ સંઘાર
શીર્ષક -દુ:ખીને સ્વપ્નસુખ કયા

ગદ્ય વિભાગ

૧)NG NO/0053
સંજય તરબંદા "સાંજ "
શીર્ષક -મિરેકલ

૨)NG NO/0055 શ્રદ્ધા ભટ્ટ
શીર્ષક - જાદુ

૩)NG NO/ 0044 વિભૂતિ દેસાઈ ઘાસવાલા
શીર્ષક-સપનું

૪)NG NO/ 0073 પલ્લવી ગુપ્તા
શીર્ષક -સમણું

૫)NG NO0009 " મનોજ કુમાર પંચાલ
"મન"
શીર્ષક - સમણું

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ?

---

સ્પર્ધા :૨
NG No. 0012
વિભાગ : પદ્ય
તા. ૧૧/૦૭/૨૦૨૦
શીર્ષક :- સ્વપ્ન

હું
નીકળું છું
દાદાની સાથે શેરીમાંથી
હાથમાં લઈ કપડાની થેલી
બજાર ભણી
શાકભાજીમાં ભાવતાલમાં
ઠીક ન બેસતાં
દાદા ઠેર ઠેર ફરે ને
ફરી ભાવ કરે નોંખા...
ભરાતી થેલી ને
હાથમાં વધતું વજન...
અને પાછું
દાદાની નાની હિસાબી
ડાયરીમાં નોંધાતું શાક, કરિયાણું
અને બીજું ઘણું
નાનું નાનું,
મારું નાનું મન
થોડું થોડું સમજતું હતું
મને સમજાતું નહિ
અરે આ નોંધો શું કામની
માત્ર નામની
ક્યારેય પૂછાયું નહિ
નોંધોનો બોધ શું હતો?
શા માટે હતો?
આખું આયખું
આમ જ ગણતરીમાં !!
શા માટે આમ જ જીવવાનું?
ક્ષણોનું અજવાળું
આમ જ ખોવાનું???
આનંદનું કોઈ વજૂદ
કદી નહિ જોવાનું?
આમને આમ કરચલી
શ્વાસને ખાઈ જશે ને
ખાપણમાં ગોઠવાઈ જશે
લાવને પૂછી જોઉં
ભીતને
તમે કેમ લખતા તા
આવું નાનું નાનું...!!
ને બાલ્કનીના પડદા
ઉડે છે
અને સાથે જ
ઊડીને પગ ઉપર પડેલા હારથી
સફાળો જાગી જાઉં છું
સ્વપ્નથી ને
રડી લઉં છું છાનું છાનું
રાત્રે સૂતાં સૂતાં
હાથમાંથી સરકી
નીચે પડી ગયેલી ડાયરીને જોઈ... !!
ડો.નિષાદ ઓઝા "અમન"

---

NG/ 10
વિભાગ : પદ્ય
શીર્ષક : હરિધામ

તારા સ્નેહના વરસાદે, સંબંધની લિપિ લખાઈ અંતરે,
પીડા હતી ઉરમાં, સ્પર્શ થતાં અચાનક પરાઈ અંતરેથી.
સપનાઓ છે મારી આંખોમાં, હૈયાના હિંચકે પધરાવવા,
પલકોમાં છે હરિ, અતૂટ હૈયે અહર્નિશ જાપ જપવા.
સ્નેહ નીતરતો હસ્ત, અર્થ વિનાની વેરાન આ જિંદગીમાં,
વેલે ભરી બાથ વૃક્ષને,એમ અધીરી ગોપી કૃષ્ણ દીવાનીમાં,
નિહારું હરિ તોહે પળ બે પળ, ને આઠેય પહોરે સ્મરું,
દુ:ખના સાગરમાં ફગાવી બેડી ને સર્વસ્વ અર્પણ કરું.
સંસારના સૂર મેળવી ઉત્કટ ભક્તિથી ધરી હૈયે હામ,
'શ્રીકૃપા' થતાં નૂપુરના તાલે આનંદે પહોંચી હરિધામ.
દીપ્તિ પટેલ'શ્રીકૃપા' વડોદરા.

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
ક્રમ-૦૦૧૪
શબ્દ:-સ્વપ્ન
પ્રકાર:-પદ્ય(છંદોબદ્ધ)
શીર્ષક:- દુખીને સ્વપ્ને સુખ ક્યાં?
(વિધાન-ગાલગાગા ગાલગાગા ગાલગા)

કોક સુખીને સ્વપ્ને દુ:ખ ક્યાં?
કોક દુખીને સ્વપ્ને સુખ ક્યાં?
આજ પગદંડીએ સુતા નિર્ધને,
સાંજના પાણી છે પીધું, ભૂખ ક્યાં?
તુચ્છ ને વેરાન સ્વપ્ને ગુમતી,
મૂઢ લોકોની કોમને પ્રમુખ ક્યાં?
ખુદ શરમાવે તે કૃત્યો આદર્યા-
હોય, પ્રભુ! તોય તું વિમુખ ક્યાં?
જે કહી લે વાતને સ્વાર્થ વિના,
આજ એવા સંતનું શ્રીમુખ ક્યાં?
-જયેશ સંઘાર
ભોજાય,માંડવ..૧૧ જુલાઈ.૨૦૨૦

---

N O G S (VIP)
શબ્દ સ્પર્ધા:- સ્વપ્ન
વિભાગ:- પદ્ય
N. G. No. 0015
સપનુ લખવા બેઠા?

આંખે કહેલી વાતો લઇને તમે સપનું લખવા બેઠા?
મનની માનેલી વાતો લઇને તમે ખપનું લખવા બેઠા?
વર્ષો વિતાવ્યા યાદમાં તમારી અમે એનું કાંઇ નહિ,
ફક્ત બે ઘડી રાહ જોઈને તમે તપનું લખવા બેઠા?
શ્વાસે શ્વાસે રટ્યું છે અમે નામ તમારું આજ સુધી,
આજ નામ અમારું હોઠો લઇને તમે જપનું લખવા બેઠા?
વગોવાતો રહ્યો છું જગમાં વર્ષોથી હું તમ સંગાથે,
કેવળ સ્વપ્ને સાથે રહીને તમે સારપનું લખવા બેઠા?
આખેઆખી રાત જાગી હું રોજ આવતો સમણે,
બસ આજ ઊંઘી ગયોને તમે ખારપનું લખવા બેઠા?
મેહુલ ત્રિવેદી...ખેરાળી.

---

*News of Gandhinagar સ્પર્ધા
NG no.- 0076
ગઝલ -સોણલાં
રમલ છંદ- ગાલગાગાર ગાલગા

રોજ આંખોમાં વણાયા સોણલાં,
તો ય જુઓ ક્યાં લખાયા સોણલાં?
હોય જો કોઈ ગઝલ, પળમાં લખું,
વણલખ્યા છાપે છપાયા સોણલાં.
રાત આખી હું રહું છું જાગતી,
પણ ખુલી આંખે બતાયા સોણલાં.
આમ તો કોરી હતી આંખો છતાં,
ઝાંઝવા નીરે તણાયા સોણલાં.
બેવફાઈની અસર કાતિલ હતી,
પ્રેમના સઘળા કપાયા સોણલાં.
જાણતા નો'તા હૃદયના ઘાવને,
'યાદ'માં કાયમ ઘવાયા સોણલાં.
પારૂલ ઠક્કર "યાદ"
તારીખ- ૧૦/૭/૨૦૨૦ -શુક્રવાર

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયક શ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા,

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# ચાણસ્મા તાલુકાના મકાન વિહોણા અને ગરીબી રેખા હેઠળ જીવતા ૮૫ લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવવામાં આવ્યા

માહિતી બ્યુરો, પાટણ

રાજ્ય સરકાર દ્વારા ગરીબી રેખા હેઠળ જીવતા અને મકાન વિહોણા લોકોને પ્લોટ આપવાની યોજના અંતર્ગત ચાણસ્મા તાલુકાના ૮૫ જેટલા પરીવારોને મફત પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. લેન્ડ કમિટિમાં મંજૂર કરવામાં આવેલા બ્રાહ્મણવાડા અને ગોરખવા સહિતના ગામોમાં આ પ્લોટ્સનું મદદનીશ કલેક્ટરશ્રી સ્વપ્નિલ ખરેએ સ્થળ નિરિક્ષણ કર્યું હતું.

પ્રાંત અધિકારીશ્રી સ્વપ્નિલ ખરેના અધ્યક્ષસ્થાને યોજાયેલી લેન્ડ કમિટિની બેઠકમાં મફત પ્લોટ માટે આવેલી ૧૫૫ અરજીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ગ્રામ્ય કક્ષાએ જરૂરી ચકાસણી બાદ લેન્ડ કમિટિ દ્વારા વિવિધ ૧૧ ગામોમાં ૮૫ જેટલા અરજદાર પરિવારની અરજી મંજૂર કરી મફત પ્લોટની ફાળવણી કરવામાં આવી હતી. વધુમાં બાકી રહેલ અરજીઓની પૂર્તતા કરવા તથા પ્લોટ ફાળવણી માટે ખૂટતા ક્ષેત્રફળ સહિતની વહિવટી બાબતોનો સત્વરે નિકાલ કરવા સંલગ્ન અધિકારીશ્રીઓને સુચના આપી હતી.

રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ તથા વિકાસ કમિશ્નરશ્રીના પત્રની સુચના મુજબ પાત્રતા ધરાવતા જરૂરિયાતમંદ પરિવારોને મફત પ્લોટ આપવાની યોજના હેઠળ લેન્ડ કમિટિની બેઠકમાં બ્રાહ્મણવાડા ખાતે ૧૪, પલાસર ખાતે ૧૪, ફીચાલ ખાતે ૧૦, મીઠા ધરવા ખાતે ૦૭, ભાટસર ખાતે ૦૬, સેઢાલ ખાતે ૦૬, દાંતકરોડી ખાતે ૦૬, ગંગેટ ખાતે ૦૫, રામગઢ ખાતે ૦૫, દાણોદરડા ખાતે ૦૪, મણીયારી ખાતે ૦૩, સોજીત્રા ખાતે ૦૩, સરસાવ ખાતે ૦૨ તથા ગોરખવા ખાતે ૦૧ પ્લોટ મળી કુલ ૮૫ મફત પ્લોટની ફાળવણી કરવામાં આવી છે.બ્રાહ્મણવાડા, ગોરખવા, ભાટસર અને મણીયારી ગામની મુલાકાત લઈ પ્રાંત અધિકારીશ્રી સ્વપ્નિલ ખરેએ સ્થળ નિરિક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમ્યાન પ્રાંત અધિકારીશ્રીએ ગામતળના ખુલ્લા પ્લોટ અને નકશા સહિતની વિગતો મેળવી, સંલગ્ન અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપી હતી. આવનારા દિવસોમાં મફત પ્લોટના લાભાર્થીઓને સનદ આપી પ્લોટનો કબજો સુપ્રત કરી દેવામાં આવશે.

પધારો મારે દેશ..
લાગણી ના કંકુ ચોખા..
પ્રેમના પુષ્પો.ઓવારા મન મોતીના
પધારો મારે દેશ.
વતન અદકેરો મારૂ.સુંદર તેની પરિભાષા.
માનવ છે નોખા નોખા
પણ છે વિવિધતામાં એકતા..
સંસ્કૃતિ ધર્મની ધજા ચોપાસ..
વીર જવાનો રક્ષે મા ભોમની લાજ..
મા ભારતી અદકેરો મારી વળી ગુર્જર મારી શીરતાજ..
સોમનાથ મારો કરે રક્ષા વળી પાવાગઢે શોભે માત..
સંત કબીરોની ભૂમિ મારી ગુર્જર
પધારો મારે દેશ મનેખ
દ્વારિકાએ બંસીધર
વળી વીરપુર જલા જોગી..
ભાવેણાએ મા ખોડલ ના ખમકારા.
ગુજરાતીનો વેપારી..શોભંતી ગુર્જર નાર..
પરદેશે પણ વખાણી અમારા ગુર્જરની મોલાત.. .
પધારો મારે દેશ. મારે સ્વાગતે
હૈયાના હાર..
પરેશા ભટ્ટ

### અંબાજી પોલીસ નું જઘન્ય કૃત્ય માનવતા ને નેવે મૂકી...

# અંબાજી પોલીસ ની અકડાઈના લીધે ગર્ભ માં રહેલા નવજાત નું કરુણ મૃત્યુ



બનાવ મુજબ ગઈકાલ રાત્રે અંબાજી ના રબારી સમાજ ની એક ગર્ભવતી મહિલા ને ડિલિવરી પેઈન ઉપાડતા એના સગા સંબંધીઓ ગાડી ના અંદર લઈને પાલનપુર જવા રવાના થયા હતા...પરંતુ અંબાજી સર્કલ પર ફરજ પર ના પોલીસકર્મીઓ એ ગાડી માં રહેલા દર્દી ના સગાઓએ માસ્ક ના પહેર્યું હોઈ કાયદેસર કાર્યવાહી કરવાનું કહ્યું..

દર્દીના સગાઓએ આજીજી પૂર્વક કહ્યું કે ,,, સાહેબ ગાડી માં સગર્ભા બહેન છે જેને દવાખાન પહોંચાડવા જરૂરી છે ..આપ જે પણ કાયદેસર કરવાનું થાયતે ઝડપી કરી ને અમોને જવાદો..અમે અંબાજીના જ છીએ આ મહિલાને દવાખાને મૂકી ને અમે પોલીસ સ્ટેશને હાજર થઈશું...

પણ પોલીસકર્મીઓ દિલ માં માનવતા નામશેષ થઈ ગઈ હોય તેમ દર્દી સાથે ની ગાડીને અંબાજી પોલીસ સ્ટેશન પર લઈ ગયા હતા...

દર્દ થી કણસતી મહિલા ની પરવા કર્યા વગર પોલીસે કાયદેસર કામ કરવાના બહાને એક કલાક થી વધુ સમય સુધી ગાડીને અંબાજી પોલીસ સ્ટેશને રોકી રાખી હતી..

સગર્ભા મહિલા ની દર્દની ચીસો અને સગાસંબંધીઓ ની આજીજી પોલીસ ના બહેરા કાને અથડાતી રહી.

જેમ તેમ પોલીસ ના કામ માંથી છુટકારો મેળવ્યો ત્યાં સુધી સગર્ભા મહિલા ની હાલત બગડતી જતી હતી...પાલનપુર દવાખાને પહોંચ્યા ત્યાં સુધી હાલત બદતર થતા દર્દી ને પાટણ રીફર કરવામાં આવ્યા..જ્યાં ડોકટરે ડિલિવરી કરતા મૃત બાળક પેદા થયું ..

ડોકટરે પણ કહ્યું કે ...એકાદ કલાક વહેલા આવ્યા હોત તો બાળક બચી જાત...

દર્દી રહેલી ગાડી ને માસ્ક ના હોવાના કારણે અંબાજી પોલીસે રોકી રાખતા .. એક ના જન્મેલા બાળકનું કહું કરવામાં આવ્યું છે.


પોલીસ નું આવુ જડ વલણ માનવતા વિહોણું છે. દુનિયા માં આવતા એક જીવ ની હત્યા અંબાજી પોલીસ ના જડ વલણ ના કારણે થઈ છે.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

### ત્રણ વધુ પોઝેટીવ કેસ સાથે ૨૭૧ પર પહોંચ્યો

# બાયડ પંથકમાં ૧૨ કલાકમાં ત્રણ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ,મોડાસામાં શંકાસ્પદ કોરોનાથી મહિલાનું મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોના કહેર થી મોત નિપજાવાની ઘટના ફરી વખત ચરમસીમાએ પહોંચી છે. બાયડ તાલુકાના ત્રણ કોરોનાગ્રસ્ત દર્દીઓના ૧૨ કલાકના ટૂંકા ગાળામાં ટપોટપ મોત નીપજતાં બાયડ તાલુકામાં કોરોનાના મોતના તાંડવ થી લોકો રીતસરના ફફડી ઉઠ્યા છે બીજીબાજુ મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાના દર્દી તરીકે સારવાર લઈ રહેલા ૬૭ વર્ષીય મહિલાનું મોત નિપજતા અરવલ્લી જીલ્લામાં ૩૩ લોકોને કોરોના ભરખી જતા કોરોનાનું પ્રાણઘાતક રૂપથી લોકોમાં ભય જોવા મળી રહ્યો છે જિલ્લામાં ત્રણ વધુ કોરોનાના દર્દીઓ નોંધાતા



પોઝેટીવ દર્દીઓની સંખ્યા ૨૭૧ પર પહોંચી છે આરોગ્ય તંત્રનો વધુ એક છાબરાડો બહાર આવતા લોકોમાં આરોગ્ય તંત્રની કામગીરી સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે બાયડ તાલુકાના રમોસ ગામમાં કોરોના પોઝેટીવ દર્દીનુ ધનસુરા તાલુકાનાં રમોસ ગામનો હોવાનું જાહેર કરતા ગામમાં કોરોના કોને થયો લઈને અફડાતફડી મચી હતી ગામનાં સરપંચે આરોગ્ય તંત્રનું ધ્યાન દોરતા આરોગ્યતંત્રએ ભૂલ સુધારી હતી બાયડ તાલુકાના ગાબટ ગામના તબીબ ડૉ.ભાઈલાલ ભાઈ પટેલ અને બાયડ શહેરમાં સપન હોસ્પિટલ ધરાવતાં એક સિનિયર ડોક્ટરના પત્નીનું અમદાવાદમાં સારવાર દરમિયાન કોરોના થી મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી આંબલીયારા ગામના કોરોનાગ્રસ્ત વૃદ્ધ નું ગાંધીનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતાં ૧૨ કલાકના ટુંકા ગાળામાં ત્રણ લોકોને કોરોના ભરખી જતા પંથકમાં ફફડાટ ફેલાયો છે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાના દર્દી તરીકે સારવાર લઈ રહેલ ૬૭ વર્ષીય મહિલાનું મોત નિપજતા આરોગ્ય તંત્રે તકેદારીના ભાગરૂપે મહિલાની અંતિમક્રિયા કોવીડ-૧૯ ગાઈડલાઈન મુજબ કરવામાં આવી હતી હવે તબીબો પણ કોરોનાની ઝપેટમાં આવતા સ્થાનિક તબીબો ચિંતામાં મૂકાયા છે જીલ્લામાં વધુ ત્રણ કોરોના પોઝેટીવ કેસ નોંધાતા કુલ કોરોના પોઝીટીવ આંકડો ૨૭૧ જેટલો થયો છે.સતત વધી રહેલ કોરોનાથી મોત ને પગલે આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે

મોડાસા શહેરમાં કોરોનાના પગલે મોતનો આંક ૨૪ થઈ ગયો છે શહેરમાં કોરોના સામે વેપારીઓ અને લોકોની બેદરકારી પણ એટલી જ જવાબદાર હોવાનું જાગૃત નાગરિકો માની રહ્યા છે શહેરમાં ધંધા-રોજગાર ના સ્થળોએ સોશ્યલ ડીસ્ટન્સનો અભાવ અને દંડથી બચવા પહેરાતું માસ્ક આવનારા સમયમાં શહેરમાં કોરોના સંક્રમણને આમંત્રણ આપી રહ્યા છે

# મારૂતિ પાનની દુકાનનો સ્લેબ તુટ્યો, ડરના માહોલ વચ્ચે નવા બાંધકામની માંગ

કેશોદ :(રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરના જાહેર રોડ પર લટકતાં વર્ષો જુના જર્જરીત બાંધકામો બિહામણાં રૂપ ધારણ કરી ઉભા છે આ બાંધકામો જોઇ કલ્પના માત્ર થી જ શરીર થરથર કાંપી ઉઠે

આવા સમયે પડુ પડુ થઇ રહેલાં બાંધકામો બળજબરીપૂર્વક હટાવવામાં ન આવે તો વિકરાળ પરિસ્થિતી સમયે બચાવ માટે કાંઇ જ ન રહે. જે વાતને પાલીકા ગંભીરતાપૂર્વક નથી લઇ રહી જો તમ ન થયું તો મોટી ખાનાખરાબી સર્જાવાની સક્યત્તા રહેલી છે. કેશોદ શહેરના માંગરોળ રોડ પર ચાર ચોક થી લઇ શરદ ચોક સુધી ૨ નગરપાલીકા અને ૧ તાલુકા પંચાયતના એમ કુલ ૩ જયારે સ્ટેશન રોડ પર તાલુકા પંચાયતની સામેની લાઇનમાં ૩ થી વધુ બાંધકામો તેમજ ૧ ખાનગી મિલ્કત કે જે તમામ અતિ જર્જરીત અવસ્થામાં છે તેનું સમારકામ બિલકુલ થઇ સકે તેમ નથી તેમ છતાં છેલ્લા ઘણાં વર્ષોથી પાલીકા નોટીસ આપી સંતોષ માની લે છે જે અતિ ગંભીર બાબત કહી સકાય જયારે આ બાંધકામમાં રહી ધંધા રોજગાર કરતાં વેપારીઓ ચિંતીત બન્યા છે જેમાં ટપક ટપક વરસાદી પાણી પડવું કે ઉપરથી કાટમાળ પડવો તેને સહન કરતાં સીખી ગયા છે તેવા સમયે તેમના પોતાનો જીવ બચાવવા વિરોધ કરવાનું ટાળ્યું છે હવે શું પાલીકા કોઇ મોટી દુર્ઘટનાની રાહ જોઇ બેઠું છે તેવા સવાલો વચ્ચે આવનારા સમયમાં બાંધકામ હટશે કે પછી કોઇ મોટી દુર્ઘટના સર્જાશે તે તો સમય જ બતાવશે .

કેશોદ નગરપાલિકા હસ્તકનાં ચાર ચોક,શરદ ચોકમાં અને તાલુકા પંચાયત કચેરી સામે આવેલાં બિલ્ડિંગ જર્જરિત હાલતમાં છે ત્યારે ચોમાસામાં કોઈ દુર્ઘટના સર્જાશે તો જવાબદારી કોની રહેશે અને દિવસના સમયે જો દુર્ઘટના સર્જાશે તો મોટી જાનહાની થવાની પુરેપુરી સંભાવના છે. કેશોદના ચાર ચોક ખાતે પાલીકાની જર્જરીત બિલ્ડીંગમાં મારૂતી નામની પાનબીડીની દુકાન ઉપર સાંજના સમયે છતનો કાટમાળ પડતાં ભાગમભાગી થઇ હતી જો કે સદનસીબે કોઇને ઈજા પહોંચી ન હતી જે અંગે દુકાન માલીકે જણાવ્યું કે મુડી ન હોય તેવા સંજોગોમાં અન્ય જગ્યાએ ધંધો કરવો મુશ્કેલ હોય તેથી પાલીકાની બિલ્ડીંગમાં ડરતાં ડરતાં ધંધો કરીએ છીએ. અને વરસાદનું સતત પાણી પડતું રહે છે. આ અંગે પાલીકા ગંભીરતાથી વિચારે તેમ જણાવ્યું હતું.

### મોડાસા ટાઉન પોલીસની આંખ નીચે ચાલતા

# વરલી-મટકાના સ્ટેન્ડ પર સ્ટેટ વિજિલન્સ ત્રાટકી ૬ શખ્શોને દબોચ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં દારૂ-જુગારની બદી ફૂલીફાલી છે શહેરમાં પોલીસતંત્રના છુપા આશીર્વાદ નીચે ગેરકાયદેસર પ્રવૃતિઓ મોટા પાયે ધમધમી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે સ્ટેંટ વિજિલન્સની ટીમે મોડાસા શહેરમાં ચાલતા વરલી-મટકાનાં સ્ટેન્ડ પર ત્રાટકી ૬ શખ્શોની ધરપકડ કરી ૨૭ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો મોડાસા શહેરમાં વરલી-મટકાના સ્ટેન્ડ ચલાવતો સમ્સુદ્દીન મોટુમીયા મલેક નામનો શખ્સ ફરાર થઈ જતા સ્ટેટ વિજિલન્સની ટીમે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ મોડાસા ટાઉન પોલીસને સુપ્રત કરી હતી સ્ટેટ વિજિલન્સ ના દરોડાથી સ્થાનિક પોલીસમાં ખળભળાટ મચી ગયો હતો જુગારીઓમાં નાશભાગ મચી હતી .પ્રાપ્ત માહિતી શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી સમસુ મલેક નામનો શખ્શ વરલી-મટકાના સ્ટેન્ડ ચલાવી રહ્યો છે વરલી-મટકાનો જૂગારની લતમાં અનેક પરિવારો બરબાદીની ગર્તામાં ધકેલાઈ ગયા છે કેટલાક યુવાનો તો પરિવારજનોની જાણ બહાર વ્યાજે રૂપિયા લઈ જુગારની લત સંતોષી વ્યાજના ખપ્પર ઘર-બાર ગુમાવી ચુક્યા છે શહેરમાં ઠેર ઠેર ધમધમતા વરલી-મટકાનાં સ્ટેન્ડ અંગે ટાઉન પોલીસને ખબર જ ન પડી અને સ્ટેટ મોનીટરીગ સેલ ત્રાટકી ૬ શખ્શોને દબોચી લેતા ટાઉન પોલીસ સ્ટેશનની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે સમસુ મલેકે હપ્તારાજ ની ફેલાયેલી જાળમાં ભલભલા અધિકારીઓ અને કર્મચારીઓ સપડાઈ જતા હોવાથી શહેરમાં વરલી-મટકાનો જુગાર ધમધમી રહ્યો છે વરલી-મટકાના સ્ટેન્ડની આજુબાજુ પોલીસજીપ અને બાઈક પર પોલીસના આંટાફેરા મારતા દશ્યી દરરોજના બન્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે . સ્ટેટ વિજિલન્સની ટીમે સોમવારે સાંજના સુમારે મોડાસા શહેરમાં ધમધમી રહેલા વરલી-મટકાના સ્ટેન્ડ પર ત્રાટકી ૧)પરબત ગોગજીભાઈ ભોજીયા,૨)ભુપેન્દ્ર સોમાલાલ દરજી ,૩)સલીમ બદાલમિયાં જમાદાર ,૪) મહંમદ રસીદ મહંમદ હસન પઠાણ ,૫)મોહમ્મદ ઈશાક દિલાવરમિયા જમાદાર,૬) અબ્દુલ રહીમ યુસુફમીયાં જમાદાર, ઝડપી પાડી વરલી-મટકા માં લાગવેલ નાણાં , મોબાઈલ ,વરલી-મટકાના આંકડા લખવાની સામગ્રી મળી કુલ.રૂ.૨૭૦૧૦/- નો મુદ્દામાલ ઝડપી સ્ટેટ મોનીટરીગ સેલના દરોડા પડતા ફરાર થઈ ગયેલા સમ્સુદ્દીન મોટુમીયા મલેક વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે

# અરવલ્લીના મોડાસા શહેરની ચાંદટેકરી વિસ્તારમાં સફાઇ ઝુંબેશ સઘન બનાવાઇ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ વધતા કુલ આંક ૨૭૦ને પાર પંહોચી ગયો છે જેમાં મોડાસા શહેરમાં પણ ૧૦૦થી વધુ કેસ નોંધાયા છે ત્યારે શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટાડવા તેમજ વરસાદજન્ય રોગચાળાને અટકાવવા નગરપાલિકા દ્વારા યુધ્ધના ધોરણે સફાઇ કામગીરી હાથ ધરી છે.

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ કરી નગરજનોના આરોગ્યની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે જેમાં જાહેર જગ્યાએ માસ્ક ન પહેરનારા અને જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ કડક હાથે કાર્યવાહિ દંડની વસૂલાત કરવામાં આવી રહી છે. આની સાથે શહેરમાં ચોમાસા દરમિયાન પાણીજન્ય કે મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી છે. જેમાં શહેરમાં ખાસ કરીને જે કોરોના પ્રભાવિત છે તેવા ચાંદ ટેકરી વિસ્તારમાં ડોર ટુ ડોર કચરાનું કલેકશન હાથ ધરવામાં આવ્યું છે તેમજ દવાનો છંટકાવ કરી શહેરીજનોને સ્વચ્છતા અને આરોગ્ય વિષયક જાણકારીની ઝુંબેશને સઘન બનાવવામાં આવી છે.

# દાંતા તાલુકાના ટોડા ગામમાં તંત્રની ઘોર નિદ્રામાં ગૌચર જમીન હડપ કરવાના પ્રયાસો



દાંતા તાલુકામાં આવેલાં ટોડા ગામમાં ગૌચર જમીન હડપ કરવાના પ્રયાસો કરવામાં આવી છે ત્યારે ગામમાં ગૌચર જમીન અને સમતળ જમીન સરકી જમીન દબાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા તેવી ગ્રામજનોના મુખે ચર્ચાઓ થવા લાગી રહીશ છે ગામમાં માથા ભારે લોકો દ્વારા ગેરકાયદેસર ગૌરવ જમીન હડપ કરવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે દાંતા તાલુકાના ટોડા ગામમાં આવો એક કિસ્સો સામે આવી રહ્યો ત્યારે ટોડા ગામમાં માથા ભારે ઈસમો ના કારણે જાહેર વિરોધ પ્રદર્શન કરવા માટે પણ ડરી રહ્યા છે ત્યારે ત્યારે ટોડા ગામમાં ગૌચર સમતળ સરકારી જમીન કેટલી છે તેની તપાસ કરવામાં આવે નહી તો આવનારા સમયમાં ટોડા ગામમાં ગૌચર સમતળ સરકારી જમીન નું નામ નિશાન પણ નહીં રહે સમયસર તંત્ર દ્વારા ટોડા ગામની જમીનનું નામ નિશાન નહીં રહે તેવી ગામ લોકો દ્વારા ચર્ચાઓ થવા લાગી રહી છે મામલતદાર સાહેબ શ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા સમયસર ધોરણ ગૌચર જમીન હડપ ના થાય તેના પહેલા તંત્ર જાગે તેવી ગ્રામજનોની માંગ ઉઠી રહી છે દાંતા તાલુકામાં અનેક ફરિયાદો ગૌરવ સરકારી સમતળ જમીન હડપ કરવાના કિસ્સાઓ સામે આવવા લાગી રહ્યા છે રહી હવે તંત્ર દ્વારા ટોડા ગામની ગૌચર જમીન બચાવશે તે જોવાનું રહ્યું.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# સુનિતા યાદવની દાદાગીરી વિરુદ્ધ ફરિયાદ થશે

સવિનય જણાવવાનું કે ગત તારીખ ૮/૭/૨૦૨૦ના રોજ માસ્ક ન પહેરવા જેવા સામાન્ય નિયમભંગ બાબતે સુરતના વરાછા વિસ્તારમાં ફરજ બજાવતા અને ઉગ્ર સ્વભાવના કોન્સ્ટેબલ સુનિતા યાદવે રોફ જમાવવા ગુજરાતના યુવાનને ધમકાવીને પ્રસિદ્ધિ માટે વીડિયો બનાવી વાયરલ કરી બદનામ કરેલ છે

આ ઉપરાંત આ યુવાનને લુખ્ખા અને હરામીની ઔલાદ કહી યુવાનના માતા-પિતાને પણ અપશબ્દો તેમજ મીડિયા પણ ન દર્શાવી શકે તેવી બિભત્સ ગાળો બોલેલી છે આવા કોન્સ્ટેબલ ગુજરાતના નાગરિકો માટે ખતરા સમાન છે અને જો આવા કોન્સ્ટેબલ વિરુદ્ધ કાર્યવાહી ન થાય તો આવી પ્રવૃતિને વધુ ને વધુ ઉત્તેજન મળી શકે છે જે ગુજરાત હિતમાં નથી જેથી આ કોન્સ્ટેબલ સુનિતા યાદવે જો રાજીનામું આપ્યું હોય તો સ્વીકારી લેવા અથવા ગુજરાત પોલીસ વિભાગમાંથી ડીસમીસ કરવા તેમજ એમના વિરુદ્ધ ગુન્હો દાખલ કરવા માટેની લેખિત રજુઆત કરવા આવતીકાલે ૧૫/૭/૨૦૨૦ને બુધવારે સવારે ૧૧ વાગે હૃદૅ કચેરી પોલીસ ભવન ગાંધીનગર જઈશ.

અતુલ દવે. (સામાજિક કાર્યકર - અમદાવાદ)

# અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ,ઉપાધ્યક્ષ અને માનદ મંત્રી સતત બીજીવાર બિનહરીફ ચૂંટાયા



મોડાસા, તા.૧૪

આજરોજ અરવલ્લી જિલ્લા સહકારી સંઘના હોદ્દેદારોની ચૂંટણીની બેઠક નાયબ કલેકટર અને ચૂંટણી અધિકારી મયંકભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાતા દરેક પદ માટે એક એક જ ઉમેદવારી ફોર્મ ભરાતા અધ્યક્ષ,ઉપાધ્યક્ષ અને માનદ મંત્રી સતત બીજીવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

જેમાં અધ્યક્ષ તરીકે પ્રભુદાસભાઈ પી.પટેલ,ઉપાધ્યક્ષ ભીખાજી ડામોર અને માનંદમંત્રી તરીકે જગદીશભાઈ પટેલ સતત બીજીવાર ચૂંટાઈ આવતા ઉપસ્થિત જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને સંઘના

ડિરેક્ટરો શામળભાઈ પટેલ,રાજેન્દ્રસિંહ ભાટી,બાબુભાઈ એમ.પટેલ,પંકજભાઈ પટેલ,રાજેન્દ્રકુમાર પટેલ,વિનોદભાઈ શાહ,હસમુખભાઈ પટેલ,ગુલાબચંદ પટેલ વગેરે ઉપરાંત વિમલભાઈ પટેલ,સંજયભાઈ ગો.પટેલ ,ગીરીશભાઈ પટેલ સહિત અન્ય સહકારી આગેવાનોએ અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે ધ્વનિ સંદેશામાં અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

### કોરોના મુક્ત માલપુર નગરમાં કોરોના ઈફેક્ટ

# માલપુર બજારના વેપારીઓએ દુકાન ખુલ્લી રાખવાનો સમય ૨ વાગ્યાનો કર્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણના પગલે વેપારીઓ વધુ ઘરાકી મેળવવાના બદલે સલામતી જાળવવા પ્રયત્ન કરી રહ્યા છે. દુકાન પર ઘરાકોની ભીડ જામતી જોઈને ખુશ થવાના બદલે વેપારીઓ હવે સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ જોઈને ગભરાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના પોઝેટીવ દર્દીઓ નોંધાઈ રહ્યા છે જીલ્લામાં હાલ દરરોજ ૩ થી ૭ કેસ નોંધાઈ રહ્યા છે જીલ્લામાં કોરોના મુક્ત રહેલા માલપુર નગર અને તાલુકામાં કોરોનાના સંક્રમણને ખાળવાં વેપારીઓએ સ્વયભૂ બપોરે બે વાગ્યા સુધી ધંધા-રોજગાર ચાલુ રાખવા સામુહિક નિર્ણય લીધો છે બપોરે બે વાગ્યા પછી માલપુર નગરમાં સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો

અરવલ્લી જિલ્લા માં કોરોના નો કહેર વધી રહ્યો છે જિલ્લા માં હાલ દરરોજ સરેરાશ ૩ થી ૭ કોરોના પોઝેટીવ કેસ વધતા જાય છે અનલોક - ૨ પછી જિલ્લા ના કેસો માં સતત વધારો થઈ રહ્યો છે હાલ જિલ્લા માં કોરોના ના ૨૭૧ કેસ છે જે એક મહિના માં ડબલ થવા પામ્યા છે તેની સરખામણી એ મોત ની સંખ્યા ૩૩ પર પહોંચી ચુકી છે જે કેસ ની સરખામણી એ ખૂબ જ ચિંતાજનક છે ત્યારે તંત્ર દ્વારા સંક્રમણ ના ફેલાય તે માટે કોઈજ તકેદારી લેવામાં આવતી નથી ત્યારે વેઓરીઓ એ અને જનતા એ સ્વયં બજારો નિયત સમય સુધી બંધ રાખવા નો નિર્ણય કર્યો છે જિલ્લા ના તમામ તાલુકા માં કોરોના ના કેસો આવ્યા છે એક માત્ર માલપુર તાલુકો એવો છે કે હાલ એક પણ કેસ કોરોના પોઝિટિવ નથી ત્યારે આગામી સમય માં કોરોના નો કહેર માલપુર માં ના ફેંલાય તે માટે અને બહાર ના લોકો નું સંક્રમણ ના ફેલાય તે માટે સોમવાર થી માલપુર ના બજારો સવારે ૮ થી ૨ વાગ્યા સુધી જ ખુલ્લા રાખવા નો સ્વયંભૂ નિર્ણય કરવા માં અવ્યોછે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK